# બોલતી વેબસાઇટ અવાજ ઓટલો - વિકાસ ક્ષેત્રે ક્રાંન્તિ આણશે : પરેશ દવે

સારાંશ : મોબાઇલ ફોન આધારિત બોલતી વેબસાઇટ (સ્પોકનવેબ)એ આજે વિશ્વમાં માહિતી ક્રાન્તિક્ષેત્રે નોંધનીય પ્રદાન આપી રહી છે. અલબત્ત માહિતી અને આઇસીટી ક્ષેત્રે આ નવી વિકસતી ટેકનોલોજી છે. જેમાં સાદા મોબાઇલ ફોનની મદદથી તેના ઉપયોગકર્તા પોતાને આવશ્યક માહિતી મેળવી શકે છે, અન્યોની માહિતી સાંભળી શકે અને તેના જવાબ આપી શકે છે કે સંગ્રહીત માહિતી અંગે ચર્ચા કરી શકે છે. દેશમાં ખેતી ક્ષેત્રે સર્વ પ્રથમ બોલતી વેબ-સાઇટનું નિર્માણ અને સંચાલન ગુજરાત રાજ્યની ડીએસસી સંસ્થાના કોમ્યુનિકેશન મેનેજર - શ્રી પરેશ દવે, આઇબીએમ, સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટીના શ્રી નીલ પટેલ તથા બર્કલી યુનિવર્સિટી, યુએસએના શ્રી તપન પરીખના સયુંક્ત પ્રયાસથી થયું છે. જેમાં આઇબીએમે ટેકનોલોજીકલ ઇનપુટસ પૂરાં પાડ્યા છે.

## અવાજ ઓટલો શું છે :

અવાજ ઓટલો (વોઇસબેઝ્ડ કોમ્યુનિટી ફોરમ)એ ફોન આધારીત યોગ્ય અને સમયસર ખેતીની માહિતી આપતી એક દ્વી-માર્ગી બોલતી વેબ-સાઇટ છે. આ વેબ-સાઇટનો ઉપયોગ કરવા માટે ઉપયોગકર્તાએ એક ડેડીકેટ ફોન લાઇન ઉપર ફોન કરવાનો હોય છે. ( આ ફોન નંબર ટોલ ફ્રી હોઇ શકે અથવા સામાન્ય ફોન પણ હોઇ શકે છે) આ ફોન નંબર જોડીને ઉપયોગકર્તા પોતાને આવશ્યક માહિતી જે તે નંબર દબાવીને મેળવી શકે છે. જેમાં હાલ માહિતી, પ્રશ્ન અને જવાબ અને રેડિયો કાર્યક્રમ વિભાગમાં જઇને પોતાની માહિતીની જરુરીયાતને સંતોષી શકે છે. ઉપયોગ કર્તા ખેડૂત પોતાને નડતા પ્રશ્નો અવાજ ઓટલામાં નોંધાવી શકે છે, અન્ય ખેડૂતોએ પૂછેલાં પ્રશ્નો પણ સાંભળી શકે છે, અવાજ ઓટલામાં મૂકેલી માહિતી સાંભળી શકે છે, અન્ય ખેડૂતોએ પૂછેલા પ્રશ્નોના જવાબ કે સુચનો પણ આપી શકે છે અને ૨૦૦૦ મિનિટના ખેતી વિષયક કાર્યક્રમો પણ ૨૪ કલાક સાંભળી શકે છે. અવાજ ઓટલામાં તેના ઉપયોગ કર્તા ખેડૂતો ૨૪ કલાક તેનો ઉપયોગ રાજ્યભરમાંથી કરી શકે છે. અવાજ ઓટલામાં ફોન કરનાર ખેડૂત અને માહિતી વચ્ચે માણસ આવતો નથી ફક્ત કોમ્પ્યુટર આવે છે. જેના થકી માનવીય સમસ્યાઓને નીવારી શકાય છે.

## બોલતી વેબસાઇટ કેમ :

આજે દેશમાં ખેતી સંલગ્ન ક્ષેત્રમાં ૫૦ ટકા દેશવાસીઓનું જીવનનિર્વાહ આધારીત છે.દેશમાં કુલ ૭૮ ટકા ખેડૂતો નાના અને સિમાન્ત છે.દેશ અને રાજ્ય સરકારો ખેતી વિસ્તરણ ક્ષેત્રે મોટી રકમની ફાળવણી કરે છે. જેના થકી કૃષિ અધિકારીઓ ખેતીની નવીન પદ્ધતિ, નવા બિયારણો અને ખાતરની માહિતી, રોગ અને જીવાત નિયંત્રણની પદ્ધતિ તથા ટેકનોલોજીને ખેડૂતો સુધી લઇ જાય છે. પરંતુ વિસ્તરણની આ પદ્ધતિથી અપેક્ષિત પરીણામો મેળવી શકાયા નથી. ઇન્ટરનેશનલ ફૂડ પોલિસી રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ (આઇએફપીઆઇ)એ હાથ ધરાયેલા એક સર્વે મુજબ ફક્ત છ ટકા ઉત્તરદાતાઓએ પોતાના વિસ્તરણ અધિકારીઓની સાથે ચર્ચા કરાયાનું નોંધાયું છે.

માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી (ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી ) ટૂંકમાં આઇટી પાસે વિસ્તરણની રીચ (વિસ્તરણનો વ્યાપ) વધારવાની ભરપુર શક્યતાઓ છે. આઇટીને જો મોબાઇલ ફોન જેવાં હાથવગા અને સરળ માધ્યમની સાથે સમન્વય કરીએ તો ખેત વિસ્તરણ કે માહિતી વિનીમય ક્ષેત્રે ક્રાન્તિ આણી શકાય છે. આમારાં બે વર્ષના અનુભવે અવાજને માધ્યમ બનાવીને આઇટી ક્ષેત્રે વિકાસની નવી ક્ષિતીજ ખોલવાનો પ્રયાસ કર્યો છે. અવાજએ નાના અને સિમાન્ત ખેડૂતોના પરીવર્તન માટે સરળ અને હાથવગુ સંસાધન સાબિત થયું છે. આપણી સંસ્કૃતિ વાચાળ છે. આજે મોબાઇલ ફોન, ફોન લાઇન અને સર્વરના સમન્વય થકી વાચા (અવાજ)ના માધ્યમથી માહિતીના વિનીમયમાં સરળતા, વિશ્વાસનીયતા અન ત્વરીતતા મેળવી શકાઇ છે. જેનું ઉદાહરણ છે અવાજ ઓટલો (બોલતી ખેતીની વોઇસ સાઇટ).

એક તરફ માહિતી ક્રાન્તિના માધ્યમથી ઈન્ટરનેટ, બ્લોગ અને વિવિધ સામાજીક ફોરમે અનેક લોકોના જીવનમાં અને તેમની સંદેશા વ્યવહારની પદ્ધતિઓમાં ઘરમૂળથી પરિવર્તન આણ્યું છે, તો બીજી તરફ ગામના ગરીબો અને ખેડૂતો કે જેઓને ત્વરીત માહિતી, તેનું વિશ્લેષણ અને ખુલાસાઓની આવશયક્તા હોય છે તેઓ પાસે આવી ટેકનોલોજીનો એક્સેસ હોતો નથી. આ ઈન્ટરએક્ટીવ ટેકનોલોજીથી ગરીબો અને ખેડૂતો કે વંચિત રહે છે. ઈન્ટરનેટ અને કોમ્પુટરના વિસ્તરણથી પણ જેઓ નિરક્ષર છે અથવા અંગ્રેજી ભાષા નથી જાણતા તેઓ માહિતીના આ લાભથી વંચિત રહેશે.    ભારતમાં મોબાઈલ ફોન ગામે ગામ પહોંચ્યા છે. નાના અને સિમાન્ત ખેડૂતો પાસે પણ આજે મોબાઈલ ફોન પહોંચ્યા છે ત્યારે મોબાઈલ ફોનને પરીવર્તનું માધ્યમ બનાવીએ અને તેના થકી માહિતી ક્રાન્તિ આણી શકાય છે. તેના થકી માહિતીનો વિનીમય થઈ શકે, બ્લોગ્સની જેમ ડિસ્કશન ગ્રુપ ઉભું કરી શકાય અને સંગ્રાયેલી માહિતીના આધારે ચર્ચા કરી શકાય, ફોન ધારક પોતાનો અભિપ્રાય આપી શકે તો માહિતીની વિશ્વનીયતા વધે અને માહિતી પરીણામલક્ષી બને.

અવાજ ઓટલાની રચના :
વર્ષ ૨૦૦૮માં અવાજ ઓટલાના પાઈલોટ પ્રોજેક્ટનું કાર્ય આરંભ થયું. અમદાવાદ સ્થિત ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડીએસસી) અને આઈબીએમ રીસર્ચ લેબ (ન્યૂદિલ્હી)એ બે વર્ષના જોડાણ થકી તેનું નિર્માણ થયું. અવાજ ઓટલાના નિર્માણમાં પહેલેથી એ ધ્યાન રાખવામાં આવ્યું કે ડીએસસી દ્વારા નિર્માણ અને આકાશવાણી દ્વારા પ્રસારિત થતો રેડિયો કાર્યક્રમ સજ્જતાનો સંગ . . .  લાવે ખેતીમાં રંગના સંદેશા કરતાં અલગ અને તેને પૂરક કોઈ આઈસીટીનું માધ્યમ તૈયાર થાય, જેનો ઉપયોગ કોઈ પણ ઉપયોગ કર્તા ચોવીસ કલાક કરી શકે.

અવાજ ઓટલો આરંભથી જ પ્રતિભાવ આધારીત માધ્યમ તરીકે વિકસાયું છે. અવાજ ઓટલાનો ધ્યેય તેના ઉપયયોગકર્તાઓને માહિતી નોંધવા, પ્રતિભાવ આપવા અને ચર્ચા કરવા પ્રેરવાનો છે. જેથી ખેડૂતો અને તેના ઉપયોગકર્તાને તે પોતાનું આગવું માધ્યમ જણાય અને ટેકનોલોજીનું બેરિયર તૂટે. તેના નિર્માણ અને તેની રચનામાં ખેડૂતો અને તેમના સંગઠનો (શ્રોતા મંડળો)ની આગવી ભૂમિકા રહી છે.

અવાજ ઓટલાના વિભાગો : હાલમાં અવાજ ઓટલાના કુલ ત્રણ વિભાગો કાર્યરત છે. અવાજ ઓટલાના નંબર ઉપર ફોન ડાયલ કરતાં આ પ્રમાણે શ્રોતાને આઈવીઆર સંભળાય છે . . . સૌ પ્રથમ અવાજ ઓટલાની સિગ્નેચર ટ્યૂન સંભળાય છે, ત્યાર બાદ આઈવીઆર શરું થાય છે . . . .

શબ્દો : ડીએસસીના અવાજ ઓટલામાં આપનું હાર્દિક સ્વાગત છે. આપ આપની મનપસંદ માહિતી સેવાનો ઉપયોગ કરવા માટે જણાવેલ નંબર દબાવી શકો છો. પ્રશ્ન અને જવાબ વિભાગ સાંભળવા માટે દબાવો નંબર - ૧, માહિતી સાંભળવા દબાવો નંબર - ૨ અને રેડિયો કાર્યક્રમ સાંભળવા દબાવો નંબર - ૩. આ સુચના બાદ ઉપયોગકર્તા પોતાને આવશ્યક સેવાનો લાભ મેળવવા નીચેના વિભાગનો નંબર દબાવીને માહિતી મેળવે છે.

૧. પ્રશ્ન અને જવાબ : આ વિભાગમાં ઉપયોગકર્તા પોતાના પ્રશ્નો પૂછે છે, અન્ય ખેડૂતોના પ્રશ્નો સાંભળે છે, તે બાબતે સુચનો કરે છે.  આ વિભાગમાં સૌથી છેલ્લે પૂછેલા પ્રશ્નો પહેલાં સંભળાય છે અને છેલ્લાં નોંધાયેલા પ્રશ્નોથી જુના પ્રશ્નો તરફ જઈ શકાય છે. ઉપયોગકર્તા પોતાના નોંધાયેલા પ્રશ્નનો જવાબ સાંભળવા માટે નિર્ધારીત સમય બાદ ફરીથી ફોન કરીને પોતાના પ્રશ્નનો જવાબ સાંભળી શકે છે. આ માટે દરેક પ્રશ્નકર્તાને ૩૦ સેકન્ડનો સમય મળે છે.

૨. માહિતી વિભાગ : આ વિભાગમાં મોસમ, સરકારી યોજના,  ઉપયોગી સુચનાઓ અને સંસ્થાના કાર્યક્રમોની માહિતી સાંભળવા મળે છે.

૩. રેડિયો કાર્યક્રમ : આ વિભાગમાં સંસ્થાએ તૈયાર કરેલા કુલ ૧૫૦ એપિસોડ છેલ્લાં એપિસોડથી આરંભ કરીને સાંભળી શકાય છે. દરેક એપિસોડની પહેલા તેની કાર્યક્રમ સમરી સાંભળી શકાય છે. સમરીના આધારે શ્રોતા પોતાનો મન પસંદ કે ઉપયોગી કાર્યક્રમ સાંભળે છે.